RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૬૧૭ તા.૯–૨–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભાનુભાઈ મણીભાઈ મકવાણા
સામાવાળાઃ– ઈ.ચા. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને
તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ)

ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભાનુભાઈ મણીભાઈ મકવાણાની તા. ૧૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)આપના એપેલેટ એથોરીટી અધિકારીનું નામ,સરનામું તથા કોન્ટેકટ નંબર આપો. (૨) સમગ્ર સુરત જીલ્લામાં આવેલ તમામ આઈ.સી.ડી.એસ.ઘટકોની તથા આંગણવાડી કેન્દ્રોની તેના સરનામા સાથે માહિતી આપો વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા. ૯–૨–૧૨ ની **SMC/FAP/** નં.૬૧૭/૨૦૧૧–૧૨

શ્રી ભાનુભાઈ મણીભાઈ મકવાણાની તા. ૧૪–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧)આપના એપેલેટ ઓથોરીટી અધિકારીનું નામ,સરનામું તથા કોન્ટેકટ નંબર આપો. (૨) સમગ્ર સુરત જીલ્લામાં આવેલ તમામ આઈ.સી.ડી.એસ. ઘટકોની તથા આંગણવાડી કેન્દ્રોની તેના સરનામા સાથે માહિતી આપો વિ. મુદ્દા નં.(૧)થી (૬)ની માહિતી આપવા બાબતે અધુરી, અપુરતી તથા આરટીઆઈ ૨૦૦૫ના નિયમોની વિરુદ્ધની માહિતી આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૯–૨–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલી હોય તો તે, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૭૮૨ તા.૧૭–૨–૧૨ થી** ઈ.ચા. (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીના મળેલ પ્રત્યુત્તર અને તે સામે મુદ્દાવાર નારજગીની વિગતો આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.આઈસીડીએસ /એસએમસી/આ.નં. ૨૯૪ તા.૨–૩–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.જાવક/આઈસીડીએસ/ આ.નં.૨૬૪ તા.૧૮–૧–૧૨ના પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી અને ચીફ ઓફિસર તરસાડી, નગરપાલિકા તરફથી જાહેર માહિતી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને તરસાડી નગર પાલિકના પત્ર ક્રમાંક ૪૭૪/૧૧ તા.૧૫–૧૦–૧૧ ના તબદીલી પત્રની નકલ, પ્રોગ્રામર ઓફિસર સંકલિત બાળ વિકાસ યોજના, સુરત તરફથી પત્ર નં.જિપં/આઈસીડીએસ/આટીઆઈ/માહિતી/ વશી/ ૨૨૯૬/૨૩૧૪/૧૧ તા.૨૧–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.જયારે અરજદાર તરફથી તા.૨૩–૨–૧૨ થી પૂરક વિગતનો પત્ર રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૪–૧૦–૧૧ ની અરજીથી સુરત જિલ્લામાં આવેલ આઈસીડીએસ ઘટકો તેમજ આંગણવાડી કેન્દ્રોની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી તથા ચીફ ઓફિસર તરસાડી નગરપાલિકા, તરસાડી, તા.માંગરોળ, જી. સુરત ને કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને ચીફ ઓફિસર તરસાડી નગરપાલિકા તરફથી પત્ર ક્રમાંક ૪૭૪/૧૧ તા.૧૫–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારી સુરતને તબદીલ કરવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી અને પ્રોગ્રામ ઓફિસર સંકલિત બાળવિકાસ યોજના, સુરત તરફથી નિયત સમય અવધિમાં પત્ર નં.જિપં/આઈસીડીએસ/ આટીઆઈ/માહિતી/વશી/૨૨૯૬/૨૩૧૪/૧૧ તા.૨૧–૧૦–૧૧ થી મુદ્દા નં.૨,૪,૫ અને ૬ અંગે જાહેર માહિતી અધિકારી અને બાળ વિકાસ અધિકારી તમામ ગ્રામ્ય ઘટકો તેમજ તમામ શહેરી ઘટકો સુરત અર્બન ૧ થી ૫ સુરત

એસએમસી, સુરત શહેરી વિસ્તાર ને તબદીલ કરવામાં આવેલ. જે આઈસીડીએસ/એસએમસી/ઈન. ૪૪૮ તા.૧૭–૧૧–૧૧ થી આઈસીડીએસ વિભાગ, સુરત મહાનગરપાલિકાને મળેલ. જેના સંદર્ભે બાળ વિકાસ યોજના અધિકારી અને મ. જાહેર માહિતી અધિકારી આઈસીડીએસ ઘટક–૨ સુરત મહાનગરપાલિકા તરફથી અરજદારને જાવક નં.આઈસીડીએસ/૨૬૪ તા.૧૮–૧–૧૨ થી મુદ્દા નં.૨ ,૪,૫ અને ૬ અંગે માહિતી પૂરી પાડવામાં આવેલ. અરજદારની અરજીના મુદ્દા નં. (૧)આપના એપેલેટ ઓથોરીટી અધિકારીનું નામ,સરનામું તથા કોન્ટેકટ નંબર આપો. (૨) સમગ્ર સુરત જીલ્લામાં આવેલ તમામ આઈ.સી.ડી.એસ.ઘટકોની તથા આંગણવાડી કેન્દ્રોની તેના સરનામા સાથે માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આંગણવાડી કેન્દ્રોની તમામ માહિતી જરૂરી ફી ભર્યેથી આપવામાં આવશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સુરત જીલ્લાના પ્રોગ્રામ ઓફિસરનું નામ, સરનામું તથા કોન્ટેકટ નંબર આપો. તમામ બાળ વિકાસ યોજના અધિકારીઓના નામ, સરનામા, કોન્ટેકટ નંબર તથા હાલ કયાં ફરજ બજાવે છે? તેની માહિતી આપો. મુદ્દા નં.(૪) ગુજરાત સરકારના ઠરાવ નં.આઈસીડીએસ/ ૧ ૦૨૦૦૯ –૧૬૫૨–બ તા.૧૩–૧૧–૦૯ ની પ્રમાણિત નકલ આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી નકલ ફી ભર્યેથી આપવામાં આવશે તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) સુરત જીલ્લા આઈસીડીએસ શાખા ધ્વારા આંગણવાડી કાર્યકર અને તેડાગર માટેની છેલ્લી ભરતી પ્રક્રિયાની વિગતો જેવી કે, આંગણવાડી કાર્યકર, તેડાગરની નિમણુંકની જાહેરાતની તારીખ તથા કયા ન્યુઝ પેપરમાં તે જાહેરાત આપેલ તેના ઈન્ટરવ્યુ કોલની તારીખ ઈન્ટરવ્યુની તારીખ, આ સંદર્ભે થયેલ હુકમોની માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જાહેરાતની તા.૧૪–૪–૧૦ ગુજરાત મિત્ર અને તા.૧૫–૪–૧૦ સંદેશ વર્તમાનપત્રમાં જાહેરાત આપેલ. કાર્યકરની ઈન્ટરવ્યુ કોલની તા.૨૭–૫–૧૦ અને હેલ્પરની ઈન્ટરવ્યુ કોલની તા.૨૬–૫–૧૦ હેલ્ટરની ઈન્ટરવ્યુ તા.૨–૬–૧૦ – ૧૦૨ , ઉમેદવાર , તા.૩–૬–૧૦ –૧૨૫ ઉમેદવાર, ૪–૬–૧૦ ઉમેદવાર –૧૯૭, કાર્યકરની ઈન્ટરવ્યુની તા.૫–૬–૧૦ – ૧૫૬ ઉમેદવાર તા.૭–૬–૧૦ –૨૨૨ ઉમેદવાર , ૮–૬–૧૦ –૨૪૦ ઉમેદવાર ૯–૬–૧૦– ૨૦૦ ઉમેદવાર, ૧૦–૬–૧૦ –૨૧૪ ઉમેદવાર, ૧૧–૬–૧૦ ઉમેદવાર થયેલ હુકમ ૨૨૫ મુદ્દા નં.(૬) ઉપરોકત છેલ્લી ભરતી પ્રક્રિયા વખતે આવેલ તમામ ઉમેદવારની અરજીની પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉમેદવારની અરજી નકલો વિશાળ જથ્થામાં હોય આઈ.સી.ડી.એસ ઓફિસે રૂબરૂ આવી જોય જવું. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૧૮–૧–૧૨ ના રોજ મળેલ માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તા.૯–૨–૧૨ ના રોજ અપીલ અરજી કરેલ છે જેમાં મુદ્દા નં.૨ અને ૪ માં ફી ભરીને માહિતી આપવા જણાવવામાં આવેલ છે જે કલમ–૭ પેટા કલમ–૬ મુજબ જાહેર સત્તા મંડળની નિર્દિષ્ટ કરેલ સમય મર્યાદામાં ચૂક કરેલ હોય વિના મૂલ્યે પૂરી પાડવાની રજૂઆત અપીલ તબકકે પૂરક પત્રથી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને પૂરી પાડેલ માહિતી સાથે માહિતી અંગે મુદ્દા નં.૨ અને ૪ ની નાણા ભરીને માહિતી પૂરી પાડવાનો ઉલ્લખ કરેલ છે પરંતુ જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિ બાદ માહિતીના નાણા ભરવાનો પત્ર પાઠવેલ હોય જે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩), ૭(૬) અને નિયમ–૫ સાથે કલમ–૬(૧) સાથે સુસંગત નથી. આથી અરજદારને મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી વિના મૂલ્યે પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૬ ની માહિતી પણ વિના મૂલ્યે પૂરી પાડવાની રજૂઆત કરેલ છે. જયારે અરજદારે મુદ્દા નં.૬ બાબતે નાણા ભરવાની નહીં પરંતુ વિશાળ જથ્થામાં માહિતી હોવાનું જણાવી રૂબરૂ તપાસણી અંગે જે વિગતો પૂરી પાડેલ છે. આરટીઆઈ કાયદાના આમુખમાં જણાવ્યા મુજબ મર્યાદિત નાણાંકીય સાધનોનો મહતમ ઉપયોગ કરવા તથા કલમ–૭(૯)અનુસાર સામાન્ય રીતે માહિતી જે સ્વરૂપમાં માંગવામાં આવી હોય તે સ્વરૂપમાં જ પુરી પાડવી જોઈશે,સિવાય કે તેનાથી જાહેર સત્તામંડળના સ્ત્રોતો અપ્રમાણસર રીતે બદલાય અથવા વિવાદગ્રસ્ત રેકર્ડની સલામતી અને જાળવણીને હાનિ થાય તેમ હોય એવું જણાવવામાં આવેલ હોય. જે આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) સાથે સુસંગત છે. આથી અરજદાર ઈચ્છુક હોય તો મુદ્દા નં.૬ અંગે જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર તપાસણી મેળવી જરૂરીયાત મુજબની ખપ પૂરતી નકલો મેળવી શકે છે.

અરજદારની પ્રથમ અપીલ તા.૯–૨–૧૨ ધ્યાને લેતાં ૦૯–૦૩–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૨૪–૩–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. થી એપ્રિલ ૨૦૧૨ દરમ્યાન ૧૯૩ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૯૨ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૦૨–૧–૧૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.૨ અને ૪ ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિ બાદ અરજદારને નાણા ભરવા પત્ર પાઠવેલ હોય જે આરટીઆઈ કાયદાની કલમ–૭(૩), ૭(૬) અને નિયમ–૫ તથા કલમ–૬(૧) સાથે સુસંગત ન હોય આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ) ને જણાવવામાં આવે છે. જયારે મુદ્દા નં.૬ અંગે અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ કરેલ પ્રસ્તાવ અનુસાર દિન–૭ માં તપાસણી કરી ખપ પૂરતી નકલો મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫–૧૨

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને તત્કાલીન જાહેર માહિતી અધિકારી (આઈસીડીએસ)
....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભાનુભાઈ મણીભાઈ મકવાણા,